CC NO -303/2026

દાખલ તારીખ :-૧૩/૦૩/૨૦૨૬
નોંધ્યા તારીખ :-૧૩/૦૩/૨૦૨૬
ફેંસલ તારીખ :-૦૭/૦૪/૨૦૨૬
સમયગાળો:-૦૦ વર્ષ-૦૦ માસ-૨૫ દિવસ.

સત્યમેવ જયતે

# વાલીયાના મહેરબાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ સાહેબની કોર્ટમાં.

## મુકામ:-વાલીયા.

**ફોજદારી કેસ નબંર :-૩૦૩/૨૦૨૬.**

**આંક :-**

ફરિયાદી :- ધી સ્ટેટ ઓફ ગુજરાત.

વિરુધ્ધ

આરોપીઓ :- (૧) વાસુદેવભાઈ જશુભાઈ મીઠીયાભાઈ વસાવા
રહે.નવાનગર વસાવા ફળીયું,તા.વાલીયા,જી.ભરૂચ.
(૨) રાહુલભાઈ ઓકારામ માલી
રહે.કંબોડીયા, મંદિર ફળીયું ,તા.નેત્રંગ,જી.ભરૂચ.
મૂળ રહે. પદ્માવતી નગર, ત્રીજી ગલી,રાજપીપલા ચોકડી પાસે,
અંકલેશ્વર, તા.અંકલેશ્વર,જી.ભરૂચ.

ગુનો :- **પ્રોહી.એકટ કલમ-૬૫(એ)(ઈ)૮૧,૧૧૬(બી) તથા ભારતીય ન્યાય સંહિતા - ૨૦૨૩ ની કલમ-૧૧૧(૨)બી મુજબ**

**// કમીટલ હુકમ //**

(૧) સદર કામે આરોપીઓ સામે પ્રોહીબીશન એકટ કલમ-૬૫(એ)(ઈ)૮૧, ,૧૧૬ (બી) તથા ભારતીય ન્યાય સંહિતા - ૨૦૨૩ ની કલમ-૧૧૧(૨)બી મુજબના ગુન્હાનુ ચાર્જશીટ અત્રેની અદાલતમા દાખલ કરેલ છે. જેની ટુંકમા હકીકત એવી છે કે,આ કામના આરોપી નં(૧) વાસુદેવભાઈ જશુભાઈ મીઠીયાભાઈ વસાવા, રહે.નવાનગર વસાવા ફળીયું

,તા.વાલીયા,જી.ભરૂચનાએ નહી પકડાયેલ આરોપી નં(૨) રાહુલભાઈ ઓકારામ માલી રહે.કં બોડીયા, મંદિર ફળીયું ,તા.નેત્રંગ,જી.ભરૂચ પાસેથી ઈંગ્લીશ દારૂ મંગાવી પોતે ગણોત રાખેલ શેરડીના ખેતરમાં ગે.કા.નો વગર પાસ પરમીટનો પ્રતીબંધીત ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની બોટલ તથા બીયર ટીન નંગ–૧૬૪ કિંમત રૂપિયા ૩૬,૩૭૫/– ના મુદ્દામાલ વેચાણ કરવાના ઈરાદે સંતાડી રાખી બંન્ને આરોપીઓ વિદેશી દારૂની હેરાફેરી કરવાની ટેવવાળા હોઈ તેની વિરુધ્ધ ફરીયાદમાં જણાવ્યા મુજબના ગુનાઓ રજીસ્ટર થયેલ હોય અને જે ગુનાઓ પૈકી અમુક ગુનાઓની નામદાર કોર્ટમાં ચાર્જશીટ થયેલ છે તેમ છતાં તેની અસામાજીક સંગઠીત ગુનાહીત પ્રવૃતિ સતત ચાલુ રાખેલ હોઈ જેથી બંન્ને આરોપીઓએ એકબીજાની મદદગારી કરી, પ્રોહી. એક્ટ કલમ–૬૫(એ)(ઈ)૮૧,૧૧૬ (બી) તથા ભારતીય ન્યાય સંહિતા – ૨૦૨૩ ની કલમ–૧૧૧(૨)બી મુજબનો ગુનો કરેલ છે.

(૨) ચાર્જશીટ દાખલ થતા આ કામના આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ:૨૩૦ મુજબ ચાર્જશીટ તથા તેઓને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામા આવેલ અને ત્યારબાદ આરોપીઓનુ **આંક–૧૧ આંક –૧૨ સુધીના** નિવેદન નોધવામા આવેલ છે જેના જવાબમાં તેઓએ જણાવેલ છે કે, તેઓને પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ છે અને તેઓના વિરૂધ્ધની નામદાર સેશન્સ અદાલતમા કાર્યવાહીના બચાવ માટે તેઓ પોતાના ખર્ચે ખાનગી વકીલશ્રી રોકવા માંગે છે જે નિવેદન રેકર્ડ ઉપર લેવામા આવેલ છે.

(૩) ફરીયાદીની ફરીયાદ તથા પોલીસ કાગળો જોતા આરોપીઓ સામેના પ્રોહી. એક્ટ કલમ–૬૫(એ)(ઈ)૮૧,૧૧૬ (બી) તથા ભારતીય ન્યાય સંહિતા – ૨૦૨૩ ની કલમ–૧૧૧ (૨)બી મુજબના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા પુરતા વાજબી કારણો જણાય

છે અને સદરહુ ગુન્હાની કાર્યવાહી માત્ર સેશન્સ અદાલત ચલાવી શકે છે. આથી નીચે મુજબનો હુકમ કરૂ છુ.

**//હુ ક મ //**

**૦૧.** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ:૨૩૨ અન્વયે સદર ફોજદારી કેસ નં.૩૦૩/૨૦૨૬,પ્રોહી.એકટ કલમ–૬૫(એ)(ઈ)૮૧,૧૧૬ (બી)તથા ભારતીય ન્યાય સંહિતા – ૨૦૨૩ ની કલમ–૧૧૧(૨)બી મુજબના શિક્ષાને પાત્ર ગુનાના નિર્ણય અને નિકાલ માટે નામદાર સેશન્સ કોર્ટ /સ્પેશ્યલ કોર્ટ, અંકલેશ્વરને કમીટ કરવાનો આથી હુકમ કરું છું.

**૦૨.** આરોપી નં.(૧)વાસુદેવભાઈ જશુભાઈ મીઠીયાભાઈ વસાવા, રહે.નવાનગર વસાવા ફળીયું,તા.વાલીયા,જી.ભરૂચ.(૨) રાહુલભાઈ ઓકારામ માલી, રહે.કંબોડીયા, મંદિર ફળીયું ,તા.નેત્રંગ,જી.ભરૂચ, મૂળ રહે. પદ્માવતી નગર, ત્રીજી ગલી,રાજપીપલા ચોકડી પાસે, અંકલેશ્વર, તા.અંકલેશ્વર,જી.ભરૂચ.નાઓને મુદત તા.૦૭/૦૫/ ૨૦૨૬ ના રોજ અંકલેશ્વર સ્પેશીયલ કોર્ટમાં હાજર રહેવા સમજ આપી.

**03.** આ કેસનું તમામ રેકર્ડ અને પ્રોસીડીંગ્સ સહીત સદરહું કોર્ટને મુદત હરોળ ઠરાવેલ રીતે મોકલી આપવું.

––આ હુકમની લેખીત જાણ જીલ્લા સરકારી વકીલશ્રીનાઓને કરવી.

તા.૦૭/૦૪/૨૦૨૬
મુ.વાલીયા.

**(આદિલનવાજ મો.શફી સોની)**
પ્રિન્સીપાલસિવીલજજ અને જયુડી.મેજી.ફ.ક.,
વાલીયા
**JUDGE CODE NO–(GJ 01636)**